# ઈશરત જહાં ચાર્જશીટ

અરૂણ જેટલી

( વિરોધ પક્ષના નેતા, રાજ્ય સભા )

'સીબીઆઈએ આઈબીની બાતમીની તપાસ કરવી જોઈએ કે કેમ' તેના વિશે મેં ગત 4 જૂન 2013 ના રોજ લખેલા લેખમાં વિગતવાર ટિપ્પણી કરી હતી. અમુક સરહદ પારના અને સ્થાનિક મોડ્યુલો દ્વારા ભારતની આંતરિક સુરક્ષા સામે પડકાર ઊભો થયો છે. જેહાદી આતંકવાદીઓથી માંડીને માઓવાદી ઘુસણખોરો સુધીના ભારતીય સલામતી સામે સતત પડકાર બની ગયા હોવાનું અમે કહેતા રહ્યા છીએ. આતંકવાદીઓના આ પડકારને પહોંચી વળવા તેઓની ગુપ્તચર માહિતી મેળવવાનું કામ આઈબીની જવાબદારી છે. આ કામગીરીમાં ગુપ્તચર બાતમી એકત્ર કરવી, તેને સંલગ્ન ક્ષેત્ર સાથે સંકળાયેલા તંત્ર સુધી પહોંચાડવાની મહત્ત્વની કામગીરી આઈબી બજાવે છે. બાતમીદારોને આપવામાં આવતી નાણાકીય લાલચની મદદથી જ અને આવા મોડ્યુલોનો પર્દાફાશ થઈ શકે છે. ગુપ્ત માહિતી મેળવવા એજન્સીઓ અત્યંત ગોપનીયતાપૂર્વક આ કામગીરી હાથ ધરતી હોય છે. ભારતમાં ગુપ્ત માહિતી મેળવવા એજન્સી સરકારની આંતરિક પ્રક્રિયા આધારે જ કામ કરે છે કારણ કે આ કામગીરી મોટી સંખ્યામાં, કાયદાના આધાર વગર થાય છે. આવું માહિતીના મોટા પ્રમાણ અને રાષ્ટ્રીય હિતને કારણે થાય છે. લોકશાહી રાષ્ટ્ર તરીકે પરિપકવ થતાં આપણે આ કામગીરીને કાયદાના માળખા હેઠળ લાવવામાં અને પછી મર્યાદિત સંસદીય ચકાસણીનું એક તત્વ તેમાં ઉમેરાય એવી આશા રાખીએ.

ઈશરત જહાં કેસ એજન્સીએ આપેલી આવી જ ગુપ્ત માહિતીનો એક ભાગ હતો, જે આતંકવાદી મોડ્યુલ દ્વારા કરવામાં આવનારી પ્રવૃત્તિ બાબતે હતી. આઈબીએ તેની માહિતી મેળવી અને તે મોડ્યુલની કામગીરી નાકામ કરી દીધી. ઈશરત લશ્કર-એ-તૈયબાના ભાગરૂપ હતી. લાહોર સ્થિત ગાઝવા ટાઈમ્સમાં આવો દાવો જમાત - ઉદ – દાવાએ કર્યો.

ત્યારબાદ, એફબીઆઇ અને એનઆઈએ બંને દ્વારા કરાયેલી પૂછપરછમાં ડેવિડ હેડલીએ પણ તે બાબતની કબૂલાત કરી. ભારતમાં અમેરિકી રાજદૂતને આ હકીકતના પ્રશ્નોના જવાબમાં જે માહિતી મળી તેના દસ્તાવેજ ઇન્ટેલિજન્સ બ્યુરોએ જારી કર્યા છે.

ઈશરત જહાં અને તેના સાથીઓના કથિત એન્કાઉન્ટર વેળાએ યુપીએ - 1 સરકાર સત્તામાં હતી. ઈશરતના માતાપિતા દ્વારા ગુજરાત હાઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જનહિતની રિટમાં કેન્દ્ર સરકારે એવું વલણ અપનાવ્યું હતું કે ઇશરત લશ્કર-એ-તૈયબાના ભાગરૂપ હતી. 15 જૂન, 2004ના રોજ થયેલું કથિત એન્કાઉન્ટર યોગ્ય જ હતું. શ્રી શિવરાજ પાટિલ ગૃહ પ્રધાન હતા ત્યારે આ સ્થિતિ હતી. પછીથી ગૃહ મંત્રાલયમાં ફેરફાર થયો હતો. નવા ગૃહ પ્રધાન તરીકે શ્રી પી ચિદમ્બરમે કામગીરી સંભાળી. તેના પછી ઈશરત કેસમાં ગૃહ મંત્રાલયે વલણ બદલી નાખ્યું અને જવાબદારી લેવામાંથી પોતાના હાથ ખંખેરી નાખ્યા. ગુજરાત સરકારના રાજકીય નેતાઓને અસર થાય તેના માટે રાજકીય હેતુસર વલણ બદલવામાં આવ્યું.

અદાલતે વિશેષ તપાસ ટીમની રચના કરી અને તેના દ્વારા તપાસ કરવામાં આવી. પછી કેસ તપાસ માટે સીબીઆઇને સોંપવામાં આવ્યો. તપાસ સાથે સંકળાયેલા અધિકારીઓને ઇશરતના માતાપિતા દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. તપાસ ટીમ ત્રણ વ્યક્તિઓની બનાવવામાં આવી. ગુજરાત પોલીસ સાથે જોડાયેલા પોલીસ વિરૂદ્ધ એફઆઇઆર દાખલ થઈ અને મોટી સંખ્યામાં ધરપકડ પણ કરવામાં આવી. પકડાયેલા પોલીસ અધિકારીઓ સાથે વાતચીત કરીને રાજકીય સોદો કરવામાં આવ્યો. તહોમતનામું 90 દિવસની અંદર દાખલ કરવામાં ન આવ્યું; અને તેઓને મૂળભૂત જામીન પર છુટવાનો લાભ આપવામાં આવ્યો. સાક્ષી બનવાનો નિર્ણય લીધો તેઓને તહોમતનામામાંથી બહાર રાખવાનું વચન અપાયું. તેઓએ એવા નિવેદનો કરવાના હતા કે જેથી રાજકીય નેતાઓને ફસાવવાનું શક્ય બને. સાક્ષી બનેલાઓના નામો આરોપી તરીકે પ્રથમ અને બીજા તહોમતનામામાંથી બાકાત રખાયા હતા. કાયદાને નેવે મુકીને આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. આ વ્યક્તિઓ દ્વારા આપવામાં આવેલા નિવેદન સીઆરપીસીની કલમ-164 મુજબ અમદાવાદમાં નહિ પરંતુ

મુંબઈની એક કોર્ટમાં નોંધવામાં આવ્યા હતા. આરોપ સહ આરોપી સામે સાક્ષી ન હોઈ શકે. તેઓ માત્ર એક તાજના સાક્ષી બની શકે. તેઓ પણ શૂટઆઉટ વખતે હાજર હતા. અન્યને ફસાવવા વાસ્તવિક શૂટઆઉટમાં હાજર આરોપીઓની યાદીમાંથી બાકાત કરાયા હતા.

ગુજરાતના રાજકીય નેતાઓને ફસાવવાનો આ પ્રયાસ હતો. તેમાં ટકે શેર ભાજી, ટકે શેર ખાજાનો સિદ્ધાંત લાગુ કરાયો હતો. હકીકતમાં તે બાબત આઈબીની સિસ્ટમ તરફ અંગુલિનિર્દેશ કરે છે. આતંકવાદીઓના મોડ્યુલ, પૂછપરછ, પુરાવા એકત્ર કરવા માટે તેઓ જવાબદાર હતા. બે ચાર્જ શીટ્સ હવે કોર્ટમાં રજૂ કરવામાં આવી છે .

યુપીએ-1 સરકાર સત્તામાં હતી ત્યારે આ કથિત એન્કાઉન્ટર થયું હતું. હકીકત એ છે કે ગુજરાતના રાજકીય નેતાઓ સામે કોઈ સીધા પુરાવા નથી. તેમાં ફક્ત આઈબીએ આપેલી માહિતીનો આધાર લેવામાં આવ્યો હતો. તે સરકારના પ્રધાન 2009 માં ગૃહ પ્રધાન બન્યા ત્યારે તેમણે નરેન્દ્ર મોદી અને અમિત શાહને ફસાવવાના વિચાર સાથે કામગીરી હાથ ધરી હતી. એન્કાઉન્ટર વિશે સક્ષમ કોર્ટ દ્વારા જ ન્યાયિક ચુકાદો આવશે. જો કે, ભારતની ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આપેલી માહિતી પરથી થયેલું નુકસાન ભરપાઈ થાય એવું નથી. 4થી જૂન, 2013 ના મારા લેખમાં મેં કહ્યું હતું તેમ અંતિમ હાસ્ય માત્ર પાકિસ્તાન અને લશ્કર-એ-તૈયબાનું હશે. ટૂંકી બુદ્ધિથી વિચારતી યુપીએ સરકારને રાજકીય હેતુ પાર પાડવામાં સંસ્થાઓના નાશનું મહત્વ સમજાયું નથી. ગુજરાત સરકારને પરેશાન કરવા ભારતની સલામતી ભલે જોખમાય એવો કોંગ્રેસ પક્ષનો સંકેત આમાં સ્પષ્ટ જણાય છે.